# એગ્રિગેટર માટે બીઝનેસ તક
# અને તેમના દ્વારા ઉભા થઇ શકનારા પ્રશ્નોના જવાબો

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઅલ કોર્પોરેસન (ટૂંકમાં ગુજરાત એગ્રો અથવા GAIC) ગુજરાત ગવર્નમેન્ટની ૫૧ વર્ષ જૂની સંસ્થા છે. જેનો મૂળ હેતુ ખેતી અને ખેડૂત ઉપયોગી કાર્યો કરવા એ અંગે વસ્તુઓનું પ્રોડક્શન કરવું અથવા માર્કેટમાંથી મોટા જથ્થામાં સસ્તામાં ખરીદી ખેડૂતોને સસ્તામાં પોચાડવું. જેમની વેબસાઈટ https://gaic.gujarat.gov.in/index.htm છે. (**એગ્રિગેટર** (ઓનલાઈન ડીલર) બનવા માટેના ફોર્મ આ વેબસાઈટ ઉપરથી મેળવી શકાશે.)

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઅલ કોર્પોરેસન (ટૂંકમાં ગુજરાત એગ્રો અથવા GAIC) દ્વારા ઓનલાઈન માર્કેટ પ્લેટફોર્મ ઉભું કરીને ગ્રામ્ય અને તાલુકાના શિક્ષિત વેપાર સાહસીકોને; માત્ર મોટા શહેરમાં મળી શકે તેવી તક; પોતાના જ ગ્રામ્ય અને તાલુકા વિસ્તારમાં આપવા માટેનું એક ઓનલાઈન બીઝનેસ મોડેલ ઉભું કરી રહ્યા છે. જે સંપૂર્ણપણે મોબાઇલ એપ દ્વારા બીઝનેસ થઇ સકતો હશે અને એ પણ ખુબ ઓછા રોકાણથી શક્ય બનશે. સામાન્ય રીતે થતા વેપાર કરતા સંપૂર્ણ જુદું વેપાર મોડેલ હશે અને તે પણ પોતાના મોબાઇલમાં ગુજરાતી ભાષામાં તય્યાર કરેલ મોબાઇલ એપ દ્વારા હેન્ડલ કરી શકાતું હશે. **"આ વેપાર મોડેલને KeVi Mart (કેવી માર્ટ) માં સેમી અર્બન અને ગ્રામ્ય નાગરિકોને જરૂરી તમામ જીવન જરૂરિયાતની સસ્તુઓ, તેમજ ખેત ઉપયોગી વસ્તુઓ સપ્લાઈ કરવામાં આવશે."** આ વેપાર મોડેલમાં જોડાનાર વેપાર સાહસીકોને **એગ્રિગેટર** (અથવા ઓનલાઈન ડીલર) તરીકે ઓળખવામાં આવશે. આ વેપાર મોડેલને **KeVi Mart (કેવી માર્ટ)** તરીકે ઓળખવામાં આવશે.

આ વેપાર મોડેલ અંગે ઉભા થઇ શકનારા પ્રશ્નો અંગે નીચે ટૂંકમાં માહિતી આપેલ છે.

| પ્રશ્નો | જવાબો |
|---|---|
| એક જ કંપની/પેઢી અને એક જ જીએસટી નંબર સાથે એક કરતાં વધું તાલુકા અને જિલ્લામાં એગ્રિગેટર (ઓનલાઈન ડીલર) બની શકાય. | હા, તમે જેટલા તાલુકાઓ / જિલ્લાઓમાં મેમ્બર બનાવવા માટે અને માલ પહોંચાડવા માટે સક્ષમ હો, તે તમામ જગ્યાએ એગ્રિગેટર (ઓનલાઈન ડીલર) બની શકો છો. |
| આ 10 જિલ્લાના અમુક તાલુકા વિસ્તારોમાં એગ્રીગેટરની નિમણુંક કરવાનું દર્શાવેલ નથી, તે જગ્યાએ મારે એગ્રીગેટર બનવું હોઈ તો? | તમે તેવા તાલુકાઓમાં મેમ્બર બનાવા માટે અને માલ પહોંચાડવા માટે સક્ષમ હો, તે તમામ જગ્યાએ એગ્રિગેટર (ઓનલાઈન ડીલર) બની શકાય. |

| | |
|---|---|
| મારા વિસ્તારમાં અન્ય કોઈ વેપારી એગ્રીગેટર બની શકશે? | હા, જો તમે સમયસર એગ્રિગેટર (ઓનલાઈન ડીલર) નહિ બનો તો<br>અથવા તમારા વિસ્તારની વસ્તી વધારે હશે તો. |
| ગુજરાત એગ્રો દ્વારા માત્ર એગ્રી (ખેતી વિષયક) વસ્તુ અને મશીનરીનું જ વેચાણ થાશે? | ના, ગુજરાત એગ્રો શરૂઆતથી જ જીવન જરૂરિયાતની વસ્તુઓ અને શહેરમાં મળતી અન્ય તમામ વસ્તુઓનું વેચાણ અને ખેત ઉપયોગી વસ્તુઓ અને મશીનરીના વેચાણ શરુ કરશે. ઉપરાંત તમારા વિસ્તારમાં તમારા મેમ્બરઓ દ્વારા જે વસ્તુઓની ડીમાન્ડ ઉભી થશે તેની માટે પણ તે પ્રકારની કંપનીઓ સાથે સપ્લાઈનો કોન્ટ્રાક્ટ કરીને તે પ્રકારની વસ્તુઓ પણ સપ્લાય કરશે. |
| જંતુનાશક, કિટકનાશક, બિયારણ અને ખાતરો જેવી લાયસન્સ વાળી વસ્તુઓ વેંચવા મળશે? | હા, જે જંતુનાશક, કિટકનાશક, બિયારણ વગેરેમાં જો સપ્લાયર/ઉત્પાદક યુઝર/ગ્રાહકના નામનું સીધું બીલ મોકલશે અને માલની ગુણવત્તા અને આફ્ટર સેલ્સ સર્વિસની જવાબદારી સપ્લાયર/ઉત્પાદક લેશે, તેવી વસ્તુઓ વેચવામાં આવશે, જેમાં એગ્રીગેટર કે GAIC નો રોલ માત્ર સર્વિસ પ્રોવાઇડરનો રહેશે. |
| આ પ્લેટફોર્મ ઉપરથી કઈ વસ્તુઓ વેચવામાં નહીં આવે? | આ વસ્તુઓ વેચવામાં નહિ આવે જેમ કે યુરીયા ખાતર જેવી વસ્તુઓ કે જેમાં સરકારશ્રીના નિયમો છે, તુરંતમાં બગડી જાય તેવી ખાવાની વસ્તુઓ, મેડીકલ દવાઓ, તેમજ લાંબા સમય સુધી સર્વિસ આપી પડે તેવી વસ્તુઓ. |
| આફ્ટર સેલ્સ સર્વિસ અને વોરંટી આપવાની જવાબદારી કોની રહેશે? | જે તે સપ્લાયર/ઉત્પાદક ની જવાબદારી રહેશે, કારણ કે સપ્લાયર/ઉત્પાદક યુઝર/ગ્રાહકના નામનું સીધું બીલ મોકલશે. |
| મને માલની ડિલિવરી ક્યાં મળશે? | એગ્રીગેટરને માલની ડીલીવરી તેમણે બતાવેલ તાલુકા મથકની જગ્યા ઉપર મળશે. |
| બિલિંગ અને જી એસ ટી ની જવાબદારી કઈ રીતે રહેશે? | આ બીઝનેસ મોડેલમાં વેપારીઓનો રોલ ટ્રેડર્સ ની બદલે સર્વિસ પ્રોવાઇડરનો હશે જેથી નફો (કમીશન) સર્વિસ ચાર્જના રૂપમાં મળશે એટલે ગ્રાહકને બિલીંગ કરવાનું રહેશે નહિ. ગૂડ્સ માટે નહિ પણ સર્વિસ ચાર્જ ઉપર ટેક્સ ભરવાનો રહેશે. |
| મારે કેટલા દિવસમાં ડિલિવરી કરવાની રહેશે? | ડીલીવરીનો સમયગાળો માલના પ્રકાર ઉપર આધાર રાખે છે, જે એક થી ૩ દિવસનો હશે. |
| કઈ પ્રકારની વ્યક્તિઓ એગ્રિગેટર (ઓનલાઈન ડીલર) બની શકશે? | ગ્રામ્ય અને તાલુકાના શિક્ષિત વેપાર સાહસીકો કે જેમને ગુજરાતી ભાષાનું જ્ઞાન હોય, થોડું રોકાણ કરવાની ક્ષમતા |

| | |
|---|---|
| | ધરાવતા હોય, પોતાના વિસ્તારમાં લોકો સાથે સારો સંપર્ક ધરાવતા હોય, ગ્રામ્ય અને તાલુકાના લોકોને ઘર સુધી માલ પહોંચાડવા માટેનું નેટવર્ક સરળતાથી ઉભું કરી શકે એમ હોય. |
| એગ્રીગેટર ને માત્ર મોબાઈલ એપથી વેપાર કરવાનો રહેશે કે વેબસાઈટ પણ મળશે? | એગ્રિગેટર (ઓનલાઈન ડીલર)ને મોબાઈલ અને વેબસાઈટ એમ બંને વિકલ્પ આપવામાં આવશે. |
| હું બીજા તાલુકા અને જિલ્લામાંથી મેમ્બર્સ બનાવી શકું છું? | જો તમને વિશ્વાસ હોય કે બીજા તાલુકા અને જીલ્લાના મેમ્બરો સુધી તમે સમયસર માલ પહોચાડી શકશો અને તમને લોજીસ્ટીક ખર્ચ પોસાય શકે તેમ છે તો હા છે. |
| અમે અમારા હાલના ચાલુ વેપાર સાથે ઓનલાઈન મોબાઇલ KeVi Mart (કેવી માર્ટ) વેપાર મોડેલમાં એગ્રિગેટર બની શકીએ? | હા, લોજિસ્ટિક નેટવર્ક હોય અને સારો લોક સંપર્ક ધરાવતા હોઈ તો અન્ય ધંધાની સાથે આ વેપારમાં જોડાવા માટે એગ્રિગેટર (ઓનલાઈન ડીલર) બની શકો છો. વધુમાં જણાવાનું કે જો તમને એમ લાગતું હોઈ કે તમે લોજિસ્ટિક નેટવર્ક ઉભું કરી શકો એમ છો તો નવા વેપાર સાહસિક તરીકે જોડાય શકો છો. |
| અમારે ગોડાઉન, શોપ વગેરે કોઈ વ્યવસ્થા કરવાની રહેશે? | ના, તમને તાલુકા મથકમાં માલની ડીલીવરી થાય અને તમે તે માલ મેમ્બર સુધી પહોચાડો તે દરમ્યાન જે જરૂરિયાત ઉભી થાય તે પ્રકારની તમારી જગ્યાની વ્યવસ્થા કરવાની છે. આ વેપાર મોડેલમાં એગ્રિગેટર બનવા માટે ગોડાઉન કે શોપ અંગે કોઈ ફરજ પાડવામાં આવતી નથી. |
| અમે જે મેમ્બર બનાવશું એનો વેપાર અમારા દ્વારા થશે એની શું ખાતરી રહેશે? | તમે જે મેમ્બર બનાવશો એ પછી એ આધાર કાર્ડ વળી વ્યક્તિને કોઈ બીજા એગ્રિગેટર મેમ્બર નહિ બનાવી શકે. એટલે આ બાબતમાં તમારો વેપાર સુનિશ્ચિત રહેશે. જેટલા વધુ મેમ્બર એટલો બહોળો વેપાર થશે. |
| ઓનલાઈન મોબાઇલ KeVi Mart (કેવી માર્ટ) વેપાર મોડેલમાં એગ્રિગેટર બની વેપાર કરવા માટે કોઈ ખાસ શિક્ષણની કે ટ્રેનીંગની જરૂરિયાત રહેશે? | ના, ૧૦ ધોરણ પાસ થયેલ વ્યક્તિ અને ગુજરાતી ભાષા જાણતી જોઈ પણ વ્યક્તિ આ કામ કરી શકશે. ઓનલાઈન મોબાઇલ KeVi Mart (કેવી માર્ટ) વેપાર મોડેલ સંપૂર્ણ ગુજરાતી ભાષામાં હશે. શરૂઆતમાં ૧ દિવસ આ અંગે ટ્રેનીંગ પણ આપવામાં આવશે. |
| ઓનલાઈન મોબાઇલ KeVi Mart (કેવી માર્ટ) વેપાર મોડેલમાં એગ્રિગેટર બની વેપાર કરવા માટે કોમ્પુટર કે એકાઉન્ટનો | ના, ઓનલાઈન મોબાઇલ KeVi Mart (કેવી માર્ટ) વેપાર મોડેલ સંપૂર્ણ ગુજરાતી ભાષામાં હશે તેમજ તમારા વેપાર, તમારો સ્ટોક, માલની ડીલીવરી, માલનું પેમેન્ટ, તમારો |

| | |
|---|---|
| પ્રોગ્રામ કે અન્ય કોઈ સુવિધા જોશે? | સ્ટાફ, તમારું પેમેન્ટ, તમારી ડીપોઝીટ, વગેરે તમામ કામ અંગેની સગવડ ધરાવતો પ્રોગ્રામ (મોબાઇલ એપ) તમને આપવામાં આવશે. જેથી તમે સુનિશ્ચિત થઈને વેપાર કરી શકો અને તમારે તમારો હિસાબ વગેરે માટે ખાસ પ્રકારના સ્ટાફની જરૂરિયાત ઉભી થશે નહિ. |
| એગ્રિગેટર (ઓનલાઈન ડીલર) બનવા માટેનું ફોર્મ ક્યાંથી મળી શકશે? | ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઅલ કોર્પોરેસન (ટૂંકમાં ગુજરાત એગ્રો અથવા GAIC) ની વેબસાઈટ https://gaic.gujarat.gov.in/index.htm છે. (એગ્રિગેટર (ઓનલાઈન ડીલર) બનવા માટેના ફોર્મ આ વેબસાઈટ ઉપરથી મેળવી શકાશે.) અને ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઅલ કોર્પોરેસનની જિલ્લા ઓફીસ કે ગાંધીનગરની વડી કચેરીએ રૂબરૂ જઈને એપ્લાય કરી શકાશે. |

આ વેપાર મોડેલ અંગે ઉભા થઇ શકનારા પ્રશ્નો અંગે નીચે વિસ્તૃત માહિતી આપેલ છે.

## ૧. સામાન્ય રીતે થતા વેપાર મોડેલ અને KeVi Mart (કેવી માર્ટ) વેપાર મોડેલ વચ્ચે ફેર શું હશે?

| સામાન્ય રીતે થતા વેપાર મોડેલ | KeVi Mart (કેવી માર્ટ) વેપાર મોડેલ |
|---|---|
| વેપાર કરવા માટે પોતાના જોખમે અને જવાબદારીએ પોતાની ઓળખથી માલ ખરીદવાનો રહે છે અને તેથી મોટી કંપનીઓમાં બહુ મોટી ડીપોઝીટ આપ્યા બાદ જ એજન્સી મળે છે કે માલ મળે છે. | આ વેપાર મોડેલમાં ગુજરાત એગ્રો દ્વારા મોટી કંપનીઓ સાથે ટાઇઅપ કરેલ હોય, તે અંગે **એગ્રિગેટરે કોઈ રોકાણ કાર્ય વગર તે બધી મોટી કંપનીઓનો માલ મેળવી શકશે અને વેચાણ કરી શકશે.** |
| દુકાન (શોપ) ની જરૂરિયાત રહે છે. | મોબાઇલ દ્વારા ઓનલાઈન કામગીરી કરવાની રહેશે એટલે **દુકાન (શોપ) અંગે ખર્ચ કરવાનો રહેતો નથી.** |
| માલસામાનનો સ્ટોક રાખવા માટે ગોડાઉનની જરૂરિયાત રહે છે. | મોબાઇલ દ્વારા ઓનલાઈન ઓર્ડર પહેલા આવશે જેથી, માલ માલસામાનનો સ્ટોક રાખવા માટે ગોડાઉનની જરૂરિયાત રહેતી નથી અને **એ અંગે ખર્ચ કરવાનો રહેતો નથી.** |
| ગ્રાહક આવે કે ના આવે, માલ વેચાય કે ના વેચાય, દુકાનદારે ૮ થી ૧૦ કલાક દુકાન ઉપર બેઠા જ રહેવું પડે છે. | ગ્રાહક દ્વારા ઓનલાઈન ખરીદી થાય છે અને ત્યારબાદ જ માલની ડીલીવરી કરવાની હોય છે, એટલે **અન્ય વ્યવસાયની સાથે પણ આ કામગીરી કરી શકાય છે. સતત હાજરી જરૂરી નથી.** આમ તમારા હાલમાં ચાલુ કામની સાથે પણ આ કામગીરી |

| | |
|---|---|
| | કરી શકાશે. અને **વિશેષ આવક ઉભી કરી શકાશે.** |
| ગ્રાહક આવે કે ના આવે, માલ વેચાય કે ના વેચાય, તેમ છતાં તમામ પ્રકારની વસ્તુઓનો સ્ટોક રાખવો પડે છે અને ખુબ મોટું રોકાણ કરવું પડે છે. | ગ્રાહક દ્વારા ઓનલાઈન ખરીદી થાય છે અને ત્યારબાદ જ માલની ડીલીવરી કરવાની હોય છે, એટલે **તમામ પ્રકારની વસ્તુઓનો સ્ટોક રાખવો પડતો નથી અને મોટું રોકાણ કરવું પડતું નથી.** |
| સ્ટોક કરેલ માલ ક્યારે વેચાશે એ પણ ખબર હોતી નથી એટલે કઈ કારણ વગર ખુબ રોકાણ કાર્ય બાદ વેપાર મળશે કે નહિ તે અંગે અનિશ્ચિતતા રહે છે. | સ્ટોક કરવાનો જ નથી અને ઓનલાઈન નિશ્ચિત ઓર્ડર બાદ જ માત્ર ટૂંકા ગાળા દરમ્યાન રોકાણ કરીને વેપાર કરવાનો છે. એટલે **માર્યાદિત રોકાણ થી મોટા વેપાર કરવાની તક ઉભી થાય છે.** |
| માલસામાન પરત આવે કે તે અંગે કોઈ પણ ફરિયાદ આવે તો તે માલ કાયમી રીતે પડ્યો રહે છે અને તેની નુકશાની દુકાનદારે ભોગવાની રહે છે. | ઓનલાઈન નક્કી કરેલ સમય મર્યાદામાં માલસામાન પરત આવે તે માલ પરત કરી આપવાનો રહેશે અને તેની નુકશાની **એગ્રિગેટરે** ભોગવાની રહેતી નથી. |
| આ વેપાર ૮ થી ૧૦ કલાક જ ચાલી શકે છે અને જે તે ગામની આજુબાજુના વિસ્તારમાંથી જ વેપાર મળે છે. | ઓનલાઈન મોબાઇલ દ્વારા ૨૪ કલાક વેપાર ચાલુ રહી શકે છે અને તમારું જેટલું લોજિસ્ટિક નેટવર્ક વિશાળ એટલો વિશાળ વેપાર મળી શકે છે. |
| દુકાનના વિસ્તારમાં બીજી દુકાન કે એજન્સી આવે તે શક્યતા હમેશા રહેતી જ હોય છે અને વેપાર ઘટી શકે છે અને હરીફાઈ સામે કોઈ જ પ્રકારની વેપાર સલામતી હોતી નથી. | ઓનલાઈન મોબાઇલ KeVi Mart (કેવી માર્ટ) વેપાર મોડેલમાં તમારા વિસ્તારમાં તમારા દ્વારા બનાવેલ ઓનલાઈન મેમ્બરો દ્વારા મળતો વેપાર માત્ર તમને જ મળશે અને **તમે તેટલા વેપાર માટે સુનિશ્ચિત રહેશો.** |

## ૨. ગુજરાત એગ્રો દ્વારા માત્ર એગ્રી (ખેતી વિષયક) વસ્તુ અને મશીનરીનું જ વેચાણ થાશે?

ગુજરાત એગ્રો શરૂઆતથી જ જીવન જરૂરિયાતની વસ્તુઓ અને શહેરમાં મળતી અન્ય તમામ વસ્તુઓનું વેચાણ અને ખેત ઉપયોગી વસ્તુઓ અને મશીનરીના વેચાણ શરુ કરશે. ઉપરાંત તમારા વિસ્તારમાં તમારા મેમ્બરઓ દ્વારા જે વસ્તુઓની ડીમાન્ડ ઉભી થશે તેની માટે પણ તે પ્રકારની કંપનીઓ સાથે સપ્લાઈનો કોન્ટ્રાક્ટ કરશે.

## 3. એગ્રિગેટર તરીકે ઓનલાઈન મોબાઇલ KeVi Mart (કેવી માર્ટ) વેપાર મોડેલમાં અમારી જવાબદારીઓ શું રહેશે?

- હાલમાં તમારું જેટલું લોજિસ્ટિક નેટવર્ક હોય તેટલા વિસ્તારમાંથી ઓનલાઈન મેમ્બર બનાવવાના છે.

પ્રથમ ૩ મહિનામાં ૧૦૦૦ અને ત્યારબાદના ૩ મહિનામાં ૫૦૦ એ રીતે લઘુત્તમ ૧૫૦૦ મેમ્બર ૬ મહિનામાં બનાવાના છે. સ્માર્ટ મોબાઇલ ફોન નહિ હોય અને સાદો મોબાઇલ ફોન હશે તે પણ મેમ્બર બની શકશે. આધાર કાર્ડ હોવું જરૂરી છે.

- શરૂઆતમાં તે મેમ્બરોને ઓર્ડર કેમ આપવો અને શું શું ફાયદાઓ છે એનાથી માહિતગાર કરવાના રહેશે.
- તમારા લોજિસ્ટિક નેટવર્કનું સેટઅપ કરવાનું રહેશે.
- તમારા મોબાઇલમાં જે તે પ્રોડકટ કે મશીનરી માટે ખાસ પ્રકારનું વેચાણ માટે ખાસ પ્રકારની વેપાર યોજના આવે ત્યારે તે ટાર્ગેટમાં પોચી રહેવા માટે, તમારે કે તમારા સ્ટાફ દ્વારા મેમ્બરોનો સંપર્ક કરીને ઓર્ડર લેવાનો રહેશે.
- ગ્રાહક દ્વારા મોબાઇલથી મળેલ ઓર્ડરને તમારા મોબાઇલમાંથી કન્ફર્મ કરવાનો રહેશે.
- તાલુકા સુધી તમને માલની ડીલીવરી કરવામાં આવશે જે તમારે તમારા લોજિસ્ટિક નેટવર્કથી ગ્રાહક સુધી પોચાડવાનો રહેશે.

## ૪. અમે અમારા હાલના ચાલુ વેપાર સાથે ઓનલાઈન મોબાઇલ KeVi Mart (કેવી માર્ટ) વેપાર મોડેલમાં એગ્રિગેટર બની શકીએ?

હા, તમારી પાસે લોજિસ્ટિક નેટવર્ક હોય એટલે કે કાં તો ગ્રાહક દરરોજ તમારા સંપર્કમાં હોય અથવા તમે/તમારો સ્ટાફ દરરોજ ગ્રાહકના સંપર્કમાં હોય, તેવી કોય પણ વ્યક્તિ આમાં જોડાય શકે છે. વધુમાં જણાવાનું કે જો તમને એમ લાગતું હોઈ કે તમે લોજિસ્ટિક નેટવર્ક ઉભું કરી શકશો તો તમારી પાસે હાલમાં કોઈ પણ વ્યવસાય ના હોઈ તો પણ નવા વેપાર સાહસિક તરીકે જોડાય શકશો. **વહેલા તે પહેલાના ધોરણે ગુજરાત એગ્રો દ્વારા ઓનલાઈન મોબાઇલ KeVi Mart (કેવી માર્ટ) વેપાર મોડેલમાં એગ્રિગેટર બનાવામાં આવશે. દરેક તાલુકામાં ખુબ જ માર્યાદિત વેપાર સાહસિકોને તક આપવામાં આવશે.**

## ૫. ઓનલાઈન મોબાઇલ KeVi Mart (કેવી માર્ટ) વેપાર મોડેલમાં એગ્રિગેટર બનવા માટે મારે શું વિધિ કરવાની છે?

ગુજરાત એગ્રો દ્વારા આ અંગે વેબસાઈટ ઉપર જાહેરાત આપવામાં આવેલ છે. ગુજરાત એગ્રોની જિલ્લા મથકની કચેરી પરથી ફોર્મ મેળવી શકાશે અથવા ઓનલાઈન પણ ફોર્મ મેળવી શકાશે. ફોર્મ મેળવ્યા બાદ સમય

મર્યાદામાં તેને જિલ્લા મથકની કચેરીમાં રજી. પોસ્ટ અથવા રૂબરૂ પોચાડવાની રહેશે. સાથે રૂ. ૩.૦ લાખનો નેશનલાઈઝ બેંકનો ડ્રાફ્ટ જોડવાનો રહેશે.

### ૬. અમારે ગોડાઉન, શોપ વગેરે કોઈ વ્યવસ્થા કરવાની રહેશે?

ના, તમને તાલુકા મથકમાં માલની ડીલીવરી થાય અને તમે તે માલ મેમ્બર સુધી પહોચાડો તે દરમ્યાન જે જરૂરિયાત ઉભી થઇ તે તમે તમારી અનુકુળતા માટે તમારી જરૂરિયાત પ્રમાણે વ્યવસ્થા કરશો. **ઓનલાઈન મોબાઇલ KeVi Mart (કેવી માર્ટ) વેપાર મોડેલમાં એગ્રિગેટર બનવા માટે ગોડાઉન કે શોપ અંગે કોઈ ફરજ પાડવામાં આવતી નથી.**

### ૭. અમે જે મેમ્બર બનાવશું એનો વેપાર અમારા દ્વારા થશે એની શું ખાતરી રહેશે?

તમે જે મેમ્બર બનાવશો એ પછી એ આધાર કાર્ડ વળી વ્યક્તિને કોઈ બીજા એગ્રિગેટર મેમ્બર નહિ બનાવી શકે એવી વ્યવસ્થા **KeVi Mart** (કેવી માર્ટ) વેપાર મોડેલમાં રાખેલ છે. એટલે આ બાબતમાં તમારો વેપાર સુનિશ્ચિત રહેશે. જેટલા વધુ મેમ્બર એટલો બહોળો વેપાર થશે.

### ૮. ઓનલાઈન મોબાઇલ KeVi Mart (કેવી માર્ટ) વેપાર મોડેલમાં એગ્રિગેટર બની વેપાર કરવા માટે કોઈ ખાસ શિક્ષણની કે ટ્રેનીંગની જરૂરિયાત રહેશે?

ના, **૧૦ ધોરણ પાસ થયેલ વ્યક્તિ અને ગુજરાતી ભાષા જાણતી જોઈ પણ વ્યક્તિ આ કામ કરી શકશે.** ઓનલાઈન મોબાઇલ **KeVi Mart** (કેવી માર્ટ) વેપાર મોડેલ સંપૂર્ણ ગુજરાતી ભાષામાં હશે. શરૂઆતમાં ૧ દિવસ આ અંગે ટ્રેનીંગ પણ આપવામાં આવશે.

### ૯. ઓનલાઈન મોબાઇલ KeVi Mart (કેવી માર્ટ) વેપાર મોડેલમાં એગ્રિગેટર બની વેપાર કરવા માટે કોમ્પુટર કે એકાઉન્ટનો પ્રોગ્રામ કે અન્ય કોઈ સુવિધા જોશે?

ના, ઓનલાઈન મોબાઇલ **KeVi Mart** (કેવી માર્ટ) વેપાર મોડેલ સંપૂર્ણ ગુજરાતી ભાષામાં હશે તેમજ તમારા વેપાર, તમારો સ્ટોક, માલની ડીલીવરી, માલનું પેમેન્ટ, તમારો સ્ટાફ, તમારું પેમેન્ટ, તમારી ડીપોઝીટ, વગેરે તમામ કામ અંગેની સગવડ ધરાવતો પ્રોગ્રામ (મોબાઇલ એપ) તમને આપવામાં આવશે. જેથી તમે સુનિશ્ચિત થઈને વેપાર કરી શકો અને તમારે તમારો હિસાબ વગેરે માટે ખાસ પ્રકારના સ્ટાફની જરૂરિયાત ઉભી થશે નહિ.

## ૧૦. ટર્નઓવર, રોકાણ, કમીશન અને અંદાજીત નફો અને અત્યારના વેપાર મોડેલ સાથેની સરખામણી.

| સામાન્ય રીતે થતા વેપાર મોડેલ | KeVi Mart (કેવી માર્ટ) વેપાર મોડેલ |
|---|---|
| નોંધ : ટ્રેડીંગના ૨૦૦ લાખના વાર્ષિક વેપારની સરખામણી કરેલ છે. | |
| રોકાણ લગભગ ૩૦ થી ૪૦ લાખ જેવું થતું હોઈ છે અને તે કાયમીક ધોરણે વેપારમાં રોકાયેલું જ રહે છે. | મહતમ ૭ થી ૧૦ લાખનું રોકાણ ૬ થી ૯ દિવસ માટે થશે અને દરેક વખતે પૂરે પૂરી મૂડી હાથમાં પાછી આવશે. |
| ટ્રેડીંગ વેપારમાં ૪ થી ૮ ટકા જેટલો નફો થતો હોઈ છે, જેમાં ઉધારીને કારણે થોડી નુકશાની પણ સહન કરવી પડે છે અને અંતે ૩ થી ૬ ટકા જ હાથમાં રહેતા હોઈ છે. આ ગ્રોસ નફાની વાત છે. | આ ઓનલાઈન ટ્રેડીંગ વેપારમાં ઉધારીને કોઈ અવકાશ નથી. અને મિનિમમ ૩ થી ૬ ટકા અને લોજીસ્ટીક વગેરે નો ચાર્જ ગણીએ તો ૬ થી ૧૦ ટકા જેવો નફો રહી શકશે. આ ગ્રોસ નફાની વાત છે. |
| અંદાજીત કુલ ગ્રોસ નફો ૬ લાખ થી ૧૨ લાખ જેવો થઇ શકે. **જે રોકાણની સાપેક્ષે ૧૭ થી ૩૪ ટકા જેવું થઇ શકે.** | અંદાજીત કુલ ગ્રોસ નફો ૬ લાખ થી ૧૨ લાખ જેવો થઇ શકે. **જે રોકાણની સાપેક્ષે ૪૧ થી ૮૨ ટકા જેવું થઇ શકે.** |
| ટર્નઓવર એક સરખું ન રહી શકે કારણ કે ગ્રાહક સંખ્યા વધ ઘટ થઇ શકે. | ટર્નઓવર એક સરખું રહેશે કે વધતું જશે, કારણ કે તમારી નીચે રજીસ્ટ્રેશન કરેલ ગ્રાહકોનો વેપાર માત્ર તમને જ મળી શકશે. |

## ૧૧. એગ્રિગેટરનું કમીટમેન્ટ શું હશે અને કમીટમેન્ટ પીરીયડ. ડીપોઝીટ રીફંડ જોઈએ તો?

એગ્રિગેટર તરીકે રજીસ્ટ્રેશન થયા બાદ, તમારા એગ્રિગેટર કોડ નીચે, પ્રથમ ૩ મહિનામાં ૧૦૦૦ અને ત્યારબાદના ૩ મહિનામાં ૫૦૦ એ રીતે લઘુત્તમ ૧૫૦૦ મેમ્બર ૬ મહિનામાં બનાવવાના છે, આનાથી વધું બનાવશો તો વાંધો નથી. એગ્રિગેટર તરીકે રજીસ્ટ્રેશન થયા બાદ, એગ્રિગેટરનો કમીટમેન્ટ પીરીયડ ૧૫ મહિનાનો રહેશે, તે દરમ્યાન આ ઓનલાઈન વેપાર અંગે GAIC દ્વારા જે કોઈ જવાબદારી આપવામાં આવે તેનું પાલન કરવાનું રહેશે. ત્યારબાદ એગ્રિગેટર (ઓનલાઈન ડીલર) તરીકેની એજન્સી પરત આપી શકાશે.